# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૩૦/૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# ચેમ્બરમાં 'હેપ્પીનેસ એટ વર્કપ્લેસ' વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'હેપ્પીનેસ એટ વર્કપ્લેસ' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં રૂરકી આઇઆઇટીના પ્રોફેસર તેમજ આંતરરાષ્ટ્રીય એચઆર નિષ્ણાત ડો. સંતોષ રાંગણેકરે નોકરી – ધંધાના સ્થળે સુખી રહી ઉત્તરોત્તર પ્રગતિ માટે મહત્વના પાંચ ફેક્ટર્સ અને દસ જેટલી સ્ટેપ્સ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે નોકરીવાંચ્છુ કરોડો લોકો માટે વિશ્વભરમાં કરોડો નોકરીઓ છે પણ બધા માટે એક જ કોમન વાત બહાર નીકળીને આવે છે અને એ છે કે વર્કપ્લેસ કોઇપણ હોય આપણે દિલથી કામ કરીશું ત્યારે જ ખુશ રહી શકીશું.

ડો. સંતોષ રાંગણેકરે જણાવ્યુ હતુ કે પ્રોફેશનલ રોલ એન્ડ હેપ્પીનેસ માટે સારુ વ્યકિતત્વ હોવુ જરૂરી છે. માતા–પિતા બાદ બાળકની સંગત સારી હોય તો તે ભવિષ્યમાં યોગ્ય નિર્ણય લઇ શકે છે. ૧૪ વર્ષ સુધી બાળકનું વ્યકિતત્વ બની જાય છે. ગીતા, વ્યકિતત્વ નિર્માણની પ્રતિક છે. આથી સૌથી પહેલા આપણે પોતાના વ્યકિતત્વને સમજવુ પડશે. નોકરીયાત વર્ગને જયારે નોકરીના સ્થળે મુશ્કેલી આવે ત્યારે હતાશ થવાને બદલે એ મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવો પડશે. મુશ્કેલી કોઇપણ હોય એનુ નિરાકરણ સકારાત્મકતાથી લાવવુ પડશે.

તેમણે વધુમાં કહયુ હતુ કે ટેલેન્ટ અને મેન્ટર સફળ થઇ જાય ત્યાં ઇતિહાસ બની જાય છે. આથી કાબીલિયતનું નિર્માણ કરો. ઓર્ગેનાઇઝેશનના સ્થળે વાઇબ્રન્ટ એન્વાર્યમેન્ટ હોવુ જોઇએ. ઓર્ગેનાઇઝેશન કલ્ચરમાં એનર્જી હોવી જોઇએ, જેને સ્વીકારવાની સમજ આપણામાં હોવી જોઇએ. એમ્પ્લોઇ એન્ગેજમેન્ટની કમી હશે તો સારી જગ્યાએ પણ કામ કરવાની મજા નહી આવે. એના માટે આપણું લક્ષ્ય ચોકકસ હોવુ જોઇએ. આપણે જે નોકરી

કરીએ છે એના માટે આપણે અથવા એ આપણા માટે યોગ્ય છે કે નહી તે બાબત પણ નોકરીના સ્થળે ખુશ રહેવા માટે જોવાની જરૂરી હોય છે.

ડો. રાંગણેકરે વધુમાં કહયુ કે કોઇપણ નોકરીના સ્થળે સસ્ટેનેબલ થવા માટે કામમાં ફલેકસીબિલિટી હોવી જોઇએ. હવે તો નાની ઓર્ગેનાઇઝેશન હોય કે મોટી કામનુ ભારણ અથવા તણાવ સ્વીકારવાની માનસિકતા કેળવવી પડશે. એના માટે સકારાત્મક અભિગમ સ્વીકારવો પડશે. નોકરીના સ્થળે વાતાવરણ ખરાબ હોય તો સોલ્યુશન વિચારો, સારુ વાતાવરણ શોધો અને અંધકારમાંથી બહાર નીકળો. તેમણે કોન્ટ્રીબ્યુશન, કન્વીકશન, કલ્ચર, કમીટમેન્ટ અને કોન્ફીડન્સ વિશે સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે નોકરીયાત વર્ગને પોતાનો ડેમોગ્રાફીક વેરીએબલ્સ ગ્રાફ ખબર હોવો જોઈએ. આજથી દસ વર્ષ પહેલા તેઓ કયાં હતા અને આગામી દસ વર્ષમાં તેઓ કયાં જઇને પહોંચશે તેની સ્પષ્ટતા હોવી જોઇએ.

તેમણે કહયુ કે ઓર્ગેનાઇઝેશનમાં મોટાભાગે બધા માટે એકજ પોલિસી હોય છે પણ ઉમર પ્રમાણે હેપ્પીનેસ જુદા – જુદા ફેકટર પર નિર્ભર કરે છે. ઓર્ગેનાઇઝેશને પણ એના માટે ઉમર, જેન્ડર અને ઇકોનોમિક સ્ટેટસ પ્રમાણે એચઆર પોલિસી બનાવવી જોઇએ. નોકરીયાત વર્ગ માટે તેમણે દસ જેટલી સ્ટેપ્સ ફોલોઅપ કરવા સૂચન કર્યુ હતુ. જેમાં પહેલા તો પોતાને કોસવાનુ બંધ કરો, એવોઇડ બેડ લેબલ્સ, એક્ષ્ટ્રીમ રેસીલાયન્સ, ગુસ્સાને જવા દો, ઇર્ષામાં સમય નહી બગાડો, નોકરીમાં જુસ્સો શોધો, પ્રક્રિયામાં રોકાણ કરો નહી કે પરીણામમાં, લોકો વિશે વિચારો, મલ્ટીટાસ્કીગ માઇન્ડફુલનેસ અને સૌથી મહત્વનુ કરેકટીવ એકશન લેવાનુ રાખો.

આ સેમિનારમાં ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. વકતાશ્રીએ સેમિનારમાં ઉપસ્થિત તમામના સવાલના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.